એક બાળક જેણે યુદ્ધ રોકવા પેશાબ કર્યો



વ્લાદિમીર



એક બાળક જેણે યુદ્ધ રોકવા પેશાબ કર્યો

શું તમે જાણો છો કે એક નાનો છોકરો
એક મોટા યુદ્ધને રોકી શકે છે?

કેવી રીતે ?

એની રસપ્રદ વાર્તા વાંચવા માટે આ
પુસ્તકના પાના ફેરવો!!



ઘણા લાંબા સમય પહેલા, ઊંચી પથ્થરની દીવાલની પાછળ એક નાનું અને સુંદર
શહેર હતું.
એ આવું દેખાતું હતું.



એ શહેરમાં એના માતા-પિતા સાથે
એક નાનો છોકરો રહેતો હતો.
માતા-પિતા એને બહુ પ્રેમ કરતા હતા.



માઁ એને કાયમ
ચુંબન કરતી હતી
અને પિતા દિવસભર
એના દીકરા સાથે રમતા
હતા.





રોજ સવારે નાનો છોકરો એના માતા-પિતા સાથે ફૂલ બજારમાં ફરવા જતો હતો. વાહ! કેટલા સુંદર ફૂલ હતા!

વાહ! કેટલું સુંદર જીવન હતું!

એ બધા બહુ ખુશ હતા.





પણ પછી ખૂબ જ ખરાબ થયું .

યુદ્ધ!

દુશ્મન સુંદર શહેરને નષ્ટ કરવા આવ્યા.

કદાચ એને આ સુંદર શહેર માટે ઈર્ષ્યા હતી.



અને પછી એક મોટી લડાઈ શરુ થઈ.
લોકો લડયા અને મૃત્યુ પામ્યા.

યુદ્ધ દિવસ અને રાત ચાલતું રહ્યું.

કેવું નાનું અને ઉદાસ શહેર.





ગલીઓમાં હવે કોઈ નાના બાળકો રમતા ન હતા. બજારમાં હવે સુંદર ફૂલ ન હતા. કોઈ હસતું પણ ન હતું.



નાનો છોકરો હવે બહુ ઉદાસ હતો. એની સાથે રમવા માટે હવે પિતા ન હતા. એને ચુંબન કરવા માટે માઁ ન હતી. એ ક્યાં ગયા? એણે એને બોલાવવાની કોશિશ કરી, પણ કોઈ આવ્યું નહીં.

છોકરાએ ચારે બાજુ જોયું.
પણ બધી બાજુ લડાઈ ચાલતી હતી,
શહેરની ઊંચી દીવાલ ઉપર પણ.

એને ચારે બાજુ ફક્ત તોપો
અને બંદુકોના જ અવાજો
સંભળાયા -
બેંગ-બેંગ, બૂમ-બૂમ!




રણકાર!

બિચારો ગરીબ નાનો છોકરો! એ બહુ ડરી ગયો હતો. એને એના માતા-પિતા બહુ યાદ આવી રહ્યા હતા. પણ એનાથી વધારે એને જરૂર હતી ...

... તરત પેશાબ કરવાની!
એ હવે વધારે રાહ જોઈ શકે એમ ન હતો ...
પછી એ ત્યાં જ ઉભો રહીને પેશાબ કરવા લાગ્યો!

એનો પેશાબ બૂમ અને બેંગ અને
રણકાર પર નીચે જઈને પડયો.
એણે ડાબી બાજુ પેશાબ કર્યો, એણે
જમણી બાજુ પેશાબ કર્યો!
કૃપા કરીને એને માફ કરી દ્યો!
એ ફક્ત એક નાનો બાળક હતો!





અચાનક બધું જ શાંત થઈ ગયું!

પછી કોઈ હસ્યું.

હા-હા! હા-હા!



હો-હો, હો-હો!

હી-હી, હી-હી!



થોડા સમય પછી, શહેરની દીવાલની ચારે બાજુ લોકો હસી રહ્યા હતા. એ હસી રહ્યા હતા, એ હસી રહ્યા હતા.





આ હાસ્ય લગાતાર ચાલતું રહ્યું. અંતે સૂર્યાસ્ત થઈ ગયો. આકાશમાં પહેલો તારો દેખાયો. પછી લોકો હસી-હસીને એટલા થાકી ગયા કે એ એના હથિયાર જમીન પર નાખીને સૂઈ ગયા. જયારે એ બીજે દિવસે સવારે ઉઠયા, તો યુદ્ધ બંધ થઈ ગયું હતું. શા માટે? એનું કારણ હતું એ અદ્ભૂત નાનો છોકરો.





ઉપસંહાર

એના પછી નાના છોકરાને એના માતા-પિતા પાછા મળ્યા. એ હવે ફરીથી બહુ ખુશ હતા. શહેરના બધા લોકો એ નાના છોકરાને પ્રેમ કરવા લાગ્યા. લોકોએ એ છોકરાની એક કાંસાની પ્રતિમા બનાવી જેથી એના બાળકો અને એના બાળકોના બાળકો પણ, એને હંમેશા યાદ રાખે - એ નાના છોકરાને જેણે પેશાબ કરીને યુદ્ધ બંધ કરાવ્યું હતું.





એમણે એ પ્રતિમાનું નામ રાખ્યું


મંનેકેન પિસ

જેનો અર્થ થાય છે "પેશાબ કરતો નાનો છોકરો"

આ બધું ઘણા સમય પહેલા બ્રસેલ્સ નામના શહેરમાં થયું!

બ્રસેલ્સ, બેલ્જીયમ દેશની રાજધાની છે.

મને આશા છે કે તમે પણ ત્યાં એક દિવસ જરૂર જશો અને તમારી આંખોથી એ પૂતળાને જરૂર જોશો. હવે કેમકે તમે આખી વાર્તા જાણો છો, એટલે તમે એ તમારા બાળકોને પણ સંભળાવી શકશો, જેથી એ ક્યારેક એના બાળકોને સંભળાવી શકે, અને એ એના બાળકોને, અને એવી રીતે આ વાર્તા આગળ ફેલાય.



લોકોએ એની એક કાંસાની પ્રતિમા બનાવી અને એનું નામ રાખ્યું

મંનેકેન પિસ

અને આ બધું ઘણા વર્ષો પહેલા બન્યું હતું.

